# શ્રી જંબુસ્વામી ચરિય
## – એક અપભ્રંશ કાવ્યની સમીક્ષા

મૂળ રચયિતા : કવિ ધર્મ
(શ્રી મહેન્દ્રસૂરિના શિષ્ય)

[ અચલગચ્છાધિરાજ પૂ. આચાર્ય શ્રી મહેન્દ્રસિંહસૂરિના શિષ્ય કવિ ધર્મે સં. ૧૨૬૬ માં અપભ્રંશ ભાષામાં 'શ્રી જંબુસ્વામિચરિય'ની રચના કરી હતી. પ્રાચીન ગુજરાતીના નમૂના રૂપ આ કાવ્યે અનેક વિદ્વાનોની દૃષ્ટિને આકર્ષી છે. ગુજરાતી ભાષાની ઉત્પત્તિના શરૂઆતના સમયની આ કૃતિ છે. આ કૃતિ 'પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ'માં પ્રકાશિત થયેલી, પણ હાલ તે પુસ્તક અપ્રાપ્ય છે. આ કાવ્યની નકલ પ્રસિદ્ધ સાક્ષરવર્ય શ્રી કે. કા. શાસ્ત્રી પાસેથી પ્રાપ્ત થયેલી.

સૌ. વિદ્યાત્રી અવિનાશ વોરા (Ph. D.) દ્વારા લિખિત 'ઉત્તર અપ્રભ્રંશનો સાહિત્ય વિકાસ' નામના પુસ્તક (ઈ. સ. ૧૯૭૬)માંથી 'જંબુસ્વામી ચરિય' અંગેની સમીક્ષા પ્રાપ્ત થતાં, તે પણ અક્ષરશ: અહીં આપવામાં અહીં આપવામાં આવી છે. –સંપાદક]

## જંબૂસામિ ચરિઉ

રાસસાહિત્યના પ્રાપ્ય કવિઓમાં સમયની દૃષ્ટિએ ચોથા કવિ ધમ્મ છે. પ્રસ્તુત કાવ્યાન્તે ૪૧ મી કડીમાં કવિએ પોતાના વિષે ઉલ્લેખ કરેલો છે કે, એમના ગુરુ મહેન્દ્રસૂરિ છે, અને સં. ૧૨૬૬ આ કાવ્યનું રચના વર્ષ છે.

કુલ છ ઠવણી રચાયેલા આ કાવ્યમાંની બે ઠવણી જંબુસ્વામીના પૂર્વજન્મ સાથે સંકળાયેલી છે. પહેલી ઠવણીમાં મંગળાચરણથી શરૂઆત થાય છે, અને કાવ્યનો હેતુ એમાં જ આપીને કવિએ પરંપરા પણ જાળવી છે. કવિ જૈન હોવાથી તીર્થંકરોને નમસ્કાર કર્યા બાદ, જંબુસ્વામીનું ચરિત્ર વખાણે છે. એક પૂજ્ય વ્યક્તિની સ્તુતિ આ કાવ્યમાં છે, તેથી કવિ પોતાના ધર્મ વિષે વારેવારે ભાવાવેશમાં આવી ધાર્મિક મત દર્શાવવા બેસે છે, જે અસ્થાને નથી.

પહેલી ઠવણીમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર અને વિદ્યુન્માલીના સાતમે દિવસે થનારા ગમન વિષે, વર્ધમાન સ્વામી શ્રેણિક રાજાને એના પ્રશ્નોના જવાબ રૂપે જે વાત કહે છે, તે આવે છે, બીજી ઠવણીમાં જંબુસ્વામીનો આગલા (પૂર્વ) જન્મ સંબંધિત શિવકુમાર નામે કુંવર હોય છે. વીતશોક નગરીના પદ્મરથ રાજા અને વનમાલા રાણીનો આ શિવકુમાર રૂપવાન, ગુણવાન અને ધાર્મિક પુત્ર હોય છે. એ આગલા ભવનો ભક્તિચ્યૂત ધાર્મિકાત્મા સાગર મુનિની ભવિષ્યવાણી અનુસાર, ઋષભદત્ત શેઠ અને ધારિણીના પુત્ર રૂપે જંબુસ્વામી જન્મે છે. આગલા ભવના સંસ્કારને લીધે તેઓ ૮ મે વર્ષે ગુરુ પાસે જઈ આજન્મ બ્રહ્મચારી બને છે. માનો બોલ ઉથામવા અસમર્થ એવા માતૃભક્ત જંબુસ્વામી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુવાન થતાં એક સાથે આઠ કન્યાને પરણી ઘેર આવે છે. આગળથી જણાવેલા નિશ્ચય અનુસાર તેમને સાંજે પરણીને સવારે 'સંયમવ્રત' લેવાનું હોય છે, એટલે આઠે પત્નીઓને સમજાવતા હોય છે ત્યાં ઓચિંતો પ્રભવ નામનો ચોર, પોતાની સાધ્ય-ધારણ વિદ્યાથી સૌને ઊંઘમાં નાખી વસ્ત્રાભૂષણો લઈ જવા માંડે છે. ત્યાં તો, જંબુસ્વામી પોતાની સાધ્યસ્તંભન વિદ્યાથી પ્રભવને મહાત કરે છે. પાંચસો સાથીઓવાળો પ્રભવ આ રીતે પ્રભાવિત થઈ, અભય આપી, જંબુસ્વામીને પોતાની બે વિદ્યા સાટે સ્તંભન વિદ્યાનું સાટું કરવા કહે છે. આમ ૨૧ થી ૨૫ કડી સુધી જંબુસ્વામી અને પ્રભવ વચ્ચે સંવાદ ચાલે છે. પરંતુ જંબુસ્વામીએ પાંચસો સાથીઓવાળા પ્રભવ તથા રાણીઓને ઉત્તર–પ્રત્યુત્તર વડે માંડ માંડ સમજાવ્યાં, ત્યારે માબાપ કહેવા લાગ્યાં કે, અમે પણ સાધુઓની સાથે જ સંયમવ્રત લઈશું. બીજી ઠવણી એ રીતે પૂરી થાય છે. અહીં પ્રભવ સિવાયના બધાંને જ વૈરાગ્ય થાય છે, તેની પાછળ જંબુસ્વામીને છોડવા ન પડે અને 'જ્યાં તું ત્યાં હું" એવા સંકલ્પવાળો મોહ જ કારણ રૂપે હોય એવું લાગે છે, સાચો વૈરાગ્ય નથી લાગતો. ત્રીજી ઠવણી શરૂ થતાં, પ્રભવના દિલમાં ગત કુકર્મો પ્રત્યે થયેલા પશ્ચાતાપનો ઉલ્લેખ છે. રાજાની માફી માગવા પ્રભવ જાય છે, તે સમયે (લગભગ ૩૦ થી ૩૪ કડી સુધી) પ્રભવને કવિ ચીતરે છે, જેમાં પ્રભવની નૈતિક હિમ્મત (moral courage), પ્રભવનો લોકોમાં ભય, પ્રભવના વ્યક્તિત્વનો રાજા ઉપર પડતો પ્રભાવ વગેરે કવિએ સુંદર રીતે નિરૂપ્યાં છે. પ્રભવના વૈરાગ્યનું કારણ રાજા તેને પૂછે છે, ત્યારે 'જંબુસ્વામી જગતને આશ્ચર્ય થાય એ રીતે આઠે બાળાઓ અને રિદ્ધિ-સિદ્ધિને તરણાની જેમ તજી દીધાં' એવું જોઈને પોતાને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો, એવું પ્રભવ રાજાને જણાવે છે. આમ ત્રીજી ઠવણી સમાપ્ત થતાં, ચોથી ઠવણીમાં જંબુસ્વામીનો રસાલો સંયમવ્રત લેવા જાય છે, એટલી વિગત છે. પાંચમી ઠવણીમાં બીજા લોકોએ પણ સંયમવ્રત લીધું, એમ કવિ જણાવે છે. છેલ્લે, પ્રભવને ગાદીએ બેસાડી, જંબુસ્વામી સિદ્ધ ગતિને પામ્યા. અંતમાં, કવિ પોતાના ગુરુ વિષે અને પોતાના નામ વિષે થોડી માહિતી તેમ જ ફલશ્રુતિ આપે છે.

પ્રતને અંતે 'ઇતિ જંબુસામિ રાસઃ' પુષ્પિકા ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે, આ ચરિત્ર પણ એક રાસ જ છે. આ કાવ્યમાં કથાનકનું વિભાજન 'ઠવણી'થી કરવામાં આવ્યું છે. ધીરોદાત્ત જંબુસ્વામી અને પ્રભવનું ચરિત્ર આલેખાયેલું છે. આ આખું સંવાદાત્મક કાવ્ય હોવાથી, પ્રકૃતિવર્ણનને જરા પણ અવકાશ સ્વાભાવિક રીતે જ નથી મળ્યો, એ ખોટ ખમી શકાય તેવી છે. આ ગેય કાવ્ય પણ છે. ગેયતા જાળવવા 'ઓ, હ, એ' વગેરે અક્ષરો ચરણને અંતે મૂકેલા છે. આમ આ કાવ્ય વિભાજિત બંધવાળું રસકાવ્ય જ છે, અને તેમાં જંબુસ્વામી જેવા ધર્મશ્રેષ્ઠિના વૈરાગ્યનું ચરિત્ર મુખ્યત્વે આપેલું છે.

આ કાવ્ય નાનું ૪૧ કડીનું બનેલું છે. ચરિત્ર વિષયક અને સંવાદાત્મક કાવ્ય હોવાથી, કાવ્યને દીપાવે તેવાં વર્ણનો અને ખાસ ધ્યાન ખેંચે તેવા અલંકારો આમાં નથી. વૈરાગ્ય વર્ણવતું આ કાવ્ય પણ એ રીતે વૈરાગી છે. એટલે કે, બહુ ઊંચી જાતની કવિતા આમાંથી નથી મળતી.

**રૂઢિપ્રયોગ :**

**હું સહુ કો એક મનિ રંક અનુ રાઓ (૪)**
**બિન્દુ સમાણઉ વિસયસુખ આદર કિમ કિજઇ (૨૭)**
**તૃણ જિમ દીઠઉ મેલ્હતઉઓ (૩૬)**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંબુસ્વામીની પત્નીઓ જે એક એક પ્રશ્ન પૂછે છે, તેની પાછળ આમ તો એક આખી વાર્તા રહેલી છે. કાવ્યમાં (લંબાણ થવાને લીધે) કવિએ તે આપી નથી. તે માટે ૨૬, ૨૭, ૩૭ વગેરે કડીઓ જોવી.

**અલંકાર :** આસાતરૂવર, મોહનરિંદ, સંજમકિત્તિઈ વગેરે 'રૂપક'નો ઉપયોગ કાવ્યમાં કરેલો છે. અંત્યાનુપ્રાસ કોઈ કોઈ ઠેકાણે દેખાય છે, પણ તે પ્રત્યે કયાંક બેદરકારી પણ દેખાય છે.

**સાંપ્રદાયિક તત્ત્વ :** એક વસ્તુ બીજી પણ ધ્યાન ખેંચે છે, કે આ કવિ પ્રચારક વિશેષ હોવાથી, જંબુસ્વામી પાછળ પ્રભવ, પત્નીઓ અને તેમનાં માબાપ સંયમવ્રત લે છે, એવું બતાવવામાં ગાડરિયો પ્રવાહ લાગે છે. બૌદ્ધિક તત્ત્વ તો નથી લાગતું, પણ ખુદ વૈરાગ જ સસ્તો થઈ રહેતો લાગતાં વૈરાગ અને વૈરાગીનું મૂલ્ય ઓછું થઈ જાય છે. સ્વભાવિક રીતે જ આ કાવ્યમાં સાંપ્રદાયિક તત્ત્વ જે આવે છે તે સહ્ય છે. થોડાં અવતરણ લઈએ.

(૧) મણુપરિણામહ વિસમગતિ જીવહ પુણ હોઈ (૭)
(૨) ભવનિન્નાસણ લેઈ સિંઉ અમ્હિ સંજમભારો (૧૨)
(૩) મોહનરિંદશઉં ઝુઝ સંજમ કિત્તિઈ' ઝુઝસિંઉઓ (૩૬)
(૪) બિહુ ઉપવાસહ પારણઈ એ આંબિલ પારેઈ (૧૪)
(૫) સયતઊઅ ઇહ ગોલોક ભવિયજણ સવેગ કરે (૩૭)
(૭) સોલહ વિજ્જાએવિ દુરિય પણાસઉ સયલસંઘ (૪૧)

'બલિદાન આપવું' અને 'પિતૃઋણ'ના જૈનેતર મતનું ખંડન 'બાપ મરવિ ભઈસુ હુઉ, પુત્ર જન્મિ હણીજઈ'માં સચોટ દાખલો આપી કરેલું છે. (જો કે આ વાકય પાછળ, આમ તો જૈનોના ધર્મ-પુરાણમાં એમ છે કે, જંબુસ્વામી પ્રભવને આ વિષે એક આખી વાર્તા કહે છે.) સાથે સાથે પુનર્જન્મ (અને મોક્ષ)ની માન્યતા ચાલુ જ છે, તે તો આ કાવ્યની વાર્તા ઉપરથી દેખાઈ આવે છે.

ધાર્મિક કાવ્ય હોવાથી ચમત્કારનો પણ તેમાં ઉપયોગ કરાયો છે. ઉદા. ત. ધારણવિદ્યા, સ્તંભનવિદ્યા વગેરે પ્રતિપક્ષને મહાત કરવા માટે એ સમયે જાણીતી હશે. જેમ કે, ઋષભદત્ત શેઠને જંબુસ્વામીના જન્મ પહેલાં સ્વપ્નું આવેલું હોય છે.

**સામાજિક વાતાવરણ :** જંબુસ્વામી એક સાથે આઠ કન્યા પરણે છે, તેથી સમાજમાં એ સમયે બહુપત્ની કરવાનો રિવાજ ચાલુ હશે. દીક્ષા લેતાં પહેલાં માતાની આજ્ઞા (રજા)ની પણ આવશ્યકતા સમાજે સ્વીકારેલી હશે. તે સમાજમાં ચોર પણ હશે અને રાતને વખતે ઘરમાં પેસી, કોઈ જાગે નહિ, માટે યુક્તિ (ચમત્કારિક વિદ્યા અજમાવવા જેવી) કરતા હશે. રાજ્યવ્યવસ્થા એટલી સારી નહિ હોય, જેથી આવો ભયંકર નામીચો ચોર પકડાયા વગરનો રહ્યો હશે! લોકો અને રાજા પણ ધર્મપ્રેમી હશે. દીક્ષા લેનારા પણ જો ગુનેગાર હોય તો એણે માફી માગવી પડતી હશે. ધર્મ માટે ચોરને માફી પણ મળી શકતી હશે.

આ રાસમાં જંબુસ્વામીના પૂર્વજન્મના વર્ણન અને પ્રભવના પ્રસંગ પાસે ખુદ જંબુસ્વામી વિષે કાંઈ ખાસ જાણી શકાતું નથી. કવિએ તેમના વિષે બહુ કાંઈ આપ્યું નથી એમ નથી, છતાં જરા સવિસ્તર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમજાવ્યું હોત, તો આ રાસ વધારે રસિક બન્યો હોત. છતાં જે કાંઈ છે, તેમાંથી તેઓ વિષે આપણે ઠીક ઠીક જાણી શકીએ છીએ.

જંબુસ્વામી સ્વરૂપવાન અને ગુણવાન હતા. પૈસેટકે સુખી હતા. સુખી પિતાના પુત્ર હતા. માનનીય હતા. તેમના લગ્ન માટે કન્યાપક્ષ તરફથી ઘણી પડાપડી થતી હતી. આખરે તેઓ એક લગ્ને આઠ કન્યા પરણ્યા. તેઓ માતૃભક્ત, આજ્ઞાંકિત અને ધર્મપ્રેમી પુત્ર હતા. રિદ્ધિ, રમણી હોવા છતાં તેઓ વૈરાગી બન્યા. તેઓ આઠ વર્ષની નાની વયમાં ગુરુ પાસે ગયા અને આજન્મ બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી. તેમના વિદ્યાકાળ, વિદ્યાભ્યાસ કે આઠ વર્ષ પછી યુવાવસ્થાની વચ્ચેના ગાળા વિષે કવિએ કાંઈ જ કહ્યું નથી. તેઓ વિદ્વાન હતા. સ્તંભન વિદ્યા એમને સિદ્ધ હતી. તેમના આઠ વર્ષથી તેમની યુવાની ઉપર કવિ સીધો કૂદકો મારે છે. બાલ્યાવસ્થા, કિશોરકાળ અને પછી યૌવન એમ ક્રમિક અવસ્થા આપી હોત તો ઠીક લાગત. પૂર્વજન્મ, બાલ્યકાળ વિષે જરાક કહી સીધો જ યૌવનકાળ! તેમના શિક્ષણ વિષે, તેમની ધાર્મિક પ્રગતિ વિષે કવિ મૌન છે. એમ લાગે છે કે ગૃહત્યાગ કરાવવા અને પ્રભવનો (પાત્ર) પ્રવેશ કરાવવાની ઉતાવળમાં કવિએ આ ચૂક ખાધી હોય. પ્રભવના પ્રસંગમાં કવિને વધારે રસ છે અને એટલે જંબુસ્વામી અને રાજા – એ બે અધિકૃત પાત્રો કવિથી અજાણે ઉતાવળ અને પક્ષપાતનો ભોગ થઈ ગયાં છે.

**રસાનુભૂતિ :** આ કાવ્યમાં જંબુસ્વામીની અને પ્રભવની વિદ્યાઓનો ઉપયોગ અને પરિણામ અદ્ભુત રસનો અણસાર કરે છે. પ્રભવ વગેરે ચોરી કરી પાછા વળવા જાય છે, ત્યાં જંબુસ્વામી સ્તંભન વિદ્યાથી તેમને સ્થિર કરી આશ્ચર્યમાં નાખે છે, અને કવિ કહે છે: 'ઊભા ટગમગ જોયંતા.' ત્યાં હાસ્ય રસની છાંટ આવે છે. બાકી તો શાંત રસ જ મુખ્યત્વે સળંગ વહે છે.

આમ, આ ધમ્મ કવિ સાદા પ્રચારક છે. મંગળાચરણમાં ઈષ્ટ દેવોને નમસ્કાર કરી અંતે પોતાની ઓળખ આપી, કાવ્યનો રચના સમય આપી, વળી અંતે સોળે વિદ્યાદેવીના આશીર્વાદ માગી, કવિ તરીકે પરંપરા જાળવે છે. (છંદ) અને ઠવણી દ્વારા કવિએ સારી અને સાદી રીતે કાવ્ય વિભાજિત કર્યું છે.

આમ આ કૃતિ એકંદરે જોતાં પ્રસંગ કાવ્ય – સ્તુતિ કાવ્ય વધુ છે. 'ચરિઉ' નામ પ્રમાણે જીવનચરિત્ર આખું નથી આવી જતું. આગળ જોયું, તેમ ખુદ જંબુસ્વામીનું જ (અને પ્રભવ તથા રાજાનું) પાત્રાલેખન અધૂરું છે. જંબુસ્વામીના પૂર્વ ભવ સાથે સંકળાયેલો 'સંયમવ્રત' પ્રસંગ જંબુસ્વામીના સંયમવ્રતની લાગતાવળગતા ઉપર અસર, આટલું જ આ કાવ્ય આપે છે. આ કૃતિ રાસ છે, એ નિર્વિવાદ છે, પણ 'ચરિત્ર' કે 'ચરિઉ' નામ બંધબેસતું નથી. આ કૃતિ માત્ર ૪૧ કડીની છે અને તેથી સવિસ્તર વિગતો કે ચરિત્ર કવિ ન આપી શક્યા હોય એ બનવાજોગ છે.

– ડૉ. **વિદ્યાત્રી અવિનાશ વોરા** રચિત
'ઉત્તર અપભ્રંશનો સાહિત્ય વિકાસ'માંથી સાભાર ઉદ્ધૃત

[આ અપભ્રંશ કાવ્યકૃતિ પરથી તેનો સરળ અને સુગમ પરાનુવાદ વિદ્વાન સાક્ષરવર્ય શ્રી કે. કા. શાસ્ત્રીએ કરી આપ્યો છે. તે અમે તેમના ખૂબ આભારી છીએ.

આ પદ્યાનુવાદના પદો (કડીઓ), મૂળ કૃતિના પદોની સામે ક્રમશઃ રજૂ કર્યો છે. વાંચકોને અને અભ્યાસીઓને વાંચવા–સમજવામાં એ વધુ સરળતા થશે.]


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જંબૂસામિ ચરિય

( અપભ્રંશ ભાષા )

જિણ ચઉવીસઇ પય નમેવિ ગુરુચરણ નમેવી,
જંબૂસામિહિંતણઉં ચરિય ભવિઉ નિસુણેવી;
કરિ સાનિધ સરસત્તિદેવિ જિમ રયં કહાણઉં,
જંબૂસામિહિં ગુણગહણ સંખેવિ વષાણઉં. ૧

જંબૂદીપહ ભરહખિત્તિ તિહિં નયરપહાણઉં,
રાજગૃહ નામેણ નયર પહુવિં વરકાણઉં;
રાજ કરઈ સેણિયનરિંદ નરવરહં જુ સારો,
તાસુતણઈ પુત્ત બુદ્ધિમંત મંતિ અભયકુમારો. ૨

અન્નદિણંતરિ વદ્ધમાણ વિહરંત પહૂતઉ,
સેણિઉ ચાલિઉ વંદણહ બહુભત્તિ તુરંતુ;
માગિ વહંતુ માહારાજ કેસઉં પેખેઇ,
ભોગવિરત્તઉ પસનચંદ બહુતવણ તવેઇ. ૩

ધનુ ધનુ માયા એહરસિ પસંસિઉ વંદઇ,
દુમુખવયણિ સો ચલિઉ ધ્યાનિ કુમારગિ ચલ્લઇ;
ધમ્માલાભ નવિ દીયઇ જામ મુનિ હૂઉ અભાઓ,
ઇહં સહૂ કો એક માનિ રંકે અનુ રાઓ. ૪

સામિય વંદિઉ વદ્ધમાણ સેણીયં પૂછીઇં,
જઈ પસનચંદ હિવ કરેઈ કાલ કીંછે ઊપજઈ;
મન જાણેવિણ પસનચંદ સામી બોલીજઈ,
નરગાવાસઈ સાતમએ નીંછઈં ઉપજઈ. ૫

બીજી પૂછઇં માણુય હોઈ, ત્રીજી અણઉત્તર,
દુંદુહિ વાજી દેવકીય ચાલીય તિહિં સુરવર;
સેણિઉ પૂછઇ સામિસાલ કાંહાં જાઈજઈ,
કેવલમહિમા પસનચંદ દેવે કીજીજઈ. ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જંબૂસ્વામી ચરિત

(પદ્યાનુવાદ)

( કાવ્ય કિંવા રોળા છંદ )

જિન ચોવિસ અને ગુરુતણે ચરણ નમીને,
જંબૂસ્વામીતણું ચરિત સુભવ્ય સુણીને,
સરસ્વતીને સામે રાખી રચું કહાણી–
જંબૂસ્વામી તણા ટૂંકમાં ગુણની વાણી. ૧

જંબૂદ્વીપે ભરતભૂમિમાં મુખ્ય નગર છે,
રાજગૃહ કરી પૃથ્વી પર જે ઘણું ખ્યાત છે.
રાજ્ય કરે ત્યાં શ્રેણિક ભૂપતિ, જે પુરુષોત્તમ,
એને મંત્રી અભયકુમાર શાણો ને સત્તમ. ૨

વર્ધમાન આવ્યા ત્યાં એક દિવસ વિહરંતા,
શ્રેણિક ચાલ્યા વંદવા ઘણી ભક્તિ ધરંતા,
માર્ગે પળતાં મહારાજ કેવું ભાળે છે !
ભોગ તજી પ્રસન્નચંદ્ર, તપ તહીં કરે છે. ૩

'ધન્ય ધન્ય એ માતા !' એ ઋષિને પ્રશંસતા લળે.
દુર્મુખ વચને ચળતાં ધ્યાને કુમાર્ગમાં પળે.
ધર્મલાભ નવ કહે : થયો મુનિ, અભાગિયો ત્યાં,
એવો રંક અને રાય સહુ માને છે જ્યાં. ૪

વર્ધમાનસ્વામીને પૂછયું શ્રેણિકે નમી :
પ્રસન્નચંદ્રનું મરણ થતાં ક્યાં રહેશે જનમી ?
મન જાણીને પ્રસન્નચંદ્રનું સ્વામી કહે છે :
સપ્તમ નરકે જન્મ ધારશે નક્કી એ છે. ૫

બીજે પ્રશ્ને 'મનુજ' ન બોલ્યા, ત્રીજે તો ત્યાં,
દુંદુભિ દેવતણાં વાગ્યાં, સુરવર ચાલ્યા જ્યાં,
શ્રેણિક પૂછે : 'હે સ્વામી ? ક્યાં એહ જાય છે ? '
'કેવળમહિમા પ્રસન્નચંદ્રનો દેવ કરે છે.' ૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેણિઉ મનિ ચિંતાચડિઓ સામી વલિ પૂછઇ,
જં પ્રભુ તમ્હે બોલીયઉં તં અમ્હે ન બૂઝિઉં;
સેણિય તમ્હિ બૂઝિયઉં તઅં તિસઉં ત હોઅે,
મણપરિણામહ વિસમગતિ જીવહં પુણ હોઇ. ૭
કેવલનાણઉ ભરહખેતિ કેતૂં વરતેસિઈ,
સામી દાખીઉ વિજ્જુમાલિયઉ છેહુ હોસિઈ;
ચઉસઠ્ઠિ દેવે પરિપરિઉ ચઉદેવે સહીઉ,
અતિસઇં દીસઈ દેહકંતિ એણીચિતિ ચડીઉ. ૮

દેવહં નવિ હુઈ એહુ નાણુ યઉ કિમ હોએસિઇ,
આજુના દીહ સાતમએ ઇણિ નયરિ ચવેસિઇ;
કિંકારણ પુણ એહકંતિં કિંરૂયહ અતિસઉ,
કવણહ ધમ્મહતણઈ ભાવિયઉ દેવઅઈસઉ. ૯

(ઠવણિ)

મહાવિદેહતણઈ વિજય વીતસોય નયરી,
પદમરથ નામેણ રાઉ વનમાલા ઘરણી;
તાસ ઊયરિ ઊપન્ન પુત્રુ સુરલોયહ હૂંતુ,
વદ્ધઇ નામિઈં સિવકુમાર બહુગુણિહિં સંજુત્તઉ. ૧૦

પુવ ભવંતરતણઈ નેહિ સાગરમુણિ પહુતુ,
આવીઉ વંદણ સિવકુમાર બહુભત્તિતુરંતઉ;
હઉં જાણઉં તૂ મુણિહિં નાહ કીછે મઈં દીઠઉ,
એહ જન્મહ તઈયભવિ મુઝ ભાઈ ય હૂંતઉ. ૧૧

ઉહાપોહ કરેહિ જામ પાછિલઉ ભવ દેખઈ,
જા મઈં મૂંકી સુરહ રિદ્ધિ યા કીણઈં લેખઈં;
તું ચિંતાવિઉ સિવકુમાર અથિરઉ સંસારો,
ભવનિન્નાસણ લેઈસિઉં અમ્હિ સંજમભારો. ૧૨

માત ન મેલ્હઈં એકપૂત સો મુનિહિં થાઈ,
દઢ ધમ્મેણ સાવએણ જાયવિ બોલાવીઉ;
પારિ પારિ દઢધમ્મ ભણઈ અમ્હ ભણીઉ કીંજઈ,
દુલ્લભ બેડી માણુયજન્મ જતનિહિં રાખીજઈ. ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેણિકને મન ચિંતા, એ પૂછે સ્વામીને :
'હે પ્રભુ જે બોલ્યા છો તે સમજાય ન મને.'
'શ્રેણિક સમજો થવાનું જે કૈં તેહ થાય છે,
મનને કારણ જીવને દશા વિષમ થાય છે.' ૭

'ભરતભૂમિમાં જ્ઞાન કેવળી કશું વરતશે ?'
સ્વામી કહે : 'વિદ્યુન્માલી જવ ચ્યવન પામશે.'
ચોસઠ દેવે સેવ્યો, ચારે દેવે સહિયો,
દેહકાંતિ બહુ દીસે, શ્રેણિકચિત્તે ચડિયો. ૮

'જ્ઞાન એહ નવ થાય દેવને તો કયમ થાશે ?'
'આજ થકી સાતમે દિ' આ નગરમાં કહેવાશે.
શાને છે આ કાંતિ, રૂપ આ શા માટે અતિ ?
કયો ધર્મ આચર્યે દેવને ગમ્યો એ અતિ ?' ૯

મહાવિદેહ તણે દેશ પુર વીતશોક છે,
રાય પદ્મરથ, રાણી વનમાલા ત્યાં રહે છે,
દેવલોકથી આવી એને સુત અવતરિયો,
શિવકુમાર નામે એ બહુ ગુણગણથી ભરિયો. ૧૦

પૂર્વભવતણા સ્નેહે સાગરમુનિ આવ્યા જ્યાં,
ભક્તિભાવથી શિવકુમાર વંદવા ગયો ત્યાં,
'મને થાય : હે મુનિ ! કહીં જોયા તમને તો,
આ ભવથી ત્રીજે ભવ મારા ભાઈ તમે તો.' ૧૧

ચર્ચા કરતાં પૂર્વતણો ભવ તો ત્યાં દેખે,
'જો મૂકી મેં દેવ-ઋદ્ધિ તો આ શા લેખે ?'
વિચારતો શિવકુમાર : 'અસ્થિર આ સંસાર જ;
જન્મમરણ ટાળવા લહું હું સંયમ-ભાર જ. ૧૨

માને ન ગમે : પુત્ર એકનો એક મુનિ બને.
દઢધર્મા શ્રાવકે જઈ બોલાવ્યો એને;
દઢધર્મા કહે ફરી ફરી : 'કર જેમ કહું તને.
દુર્લભ બેડી મનુજજન્મ સાચવીએ જતને.' ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહઈ ધમ્મ સો મુણિહિં જામ તસુ વયણ મનેઈ,
બિહું ઉપવાસહું પારણઈ એ આંબિલ પારેઈ;
ફાસુયવેસણ ભત્તપાણ દઢધમ્મો આણઈ,
માહિ થીઉ અંતે ઉરહં સો સીલ જ પાલઇ. ૧૪

નવકરવાલીતીષધાર કરમં સવિ સૂડઈ,
નિહણઈ મોહકંદપ્પરાઉ ભવપરીયણ મોડઈ;
બારહં વરસહંતણઈ અંતિ આઉસૂં પૂરીજઈ,
પંચમદેવલોકિ સિવકુમાર સો દેવ ઊપજઈ. ૧૫

કવણહ નારિહિતણઈ ઉયરિ એહ જીવ ચવેસિઇ,
કવણહ બાપહતણઈ કુલિ એઉ મંડણ હોસિઇ;
ઉસભદત્તસેઠિહિં ઘરણિ ધારણિઉરિ નંદણ,
હોસિઇ નામિઈં જંબુસામિ તિહુયણિ આણંદણ. ૧૬

ઊઠીઉ દેવ અણાઢિઉ હરખિઇં નાચેઈ,
ધનુ ધનુ અમ્હતણઉં કુલ એસુ પુત્ત હોસિઈ;
ચવિઉ વિમાણહ બંભલોય ધારણિઉરિ આવિઉ,
સુમિણપ્રભાવિહં ઉસમદત્ત અંગેહિ ન માઈઉ. ૧૭

જાયઉ પુત્રુ પહાણ જામ ઠસદિસિ ઉદયંતઉ,
વદ્ધઈ નામિહિં જંબુસામિ ગુણગહણ કરંતુ;
અઠવરીસઉ હૂઉ જામ ગુરુપાસિ પહૂતુ,
બ્રહ્મચારિ સો લિયઈ નીમ ભવવાસ વિરતઉ. ૧૮

જોયણવેસહ પહુતુ જામ કન્ના મગ્ગાવઈ,
બીજા ધૂયા પાઠવએ તસ વિવારી વય;
મન દેજિઉં તમ્હિ અમ્હ દેસુ અમ્હિ ઈસઉં કરેશઉં,
સાંઝહં પરણી પ્રહહ જામ નીછઈં વ્રત લેસિઉં. ૧૯

માય દુલ્લંઘીય તણઈં વયણિ પરિણેવઉ મન્નીઉ,
આઠઈ કન્યા એકવાર પરિણીય ઘરિ આવીઉ;
આઠઈ પરણી મૃગનયણી બૂઝવણઈ બઈટઉ,
પંચસએચોરેહંસિઉં પ્રભવઉ ઘરિ પઈઠઉ. ૨૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે ધર્મ મુનિના ને એનાં વેણ વિચારે,
બે ઉપવાસે પારણાં અશી આંબિલ ધારે.
લાવી આપે દઢધર્મા ત્યાં ખાનપાન જે,
અંતઃપુરમાં રહ્યો છતાં આચરે શીલ એ. ૧૪

નવા ખડ્ગની તીક્ષ્ણધારથી કર્મો કાપે,
મોહ, કામ, ભવ તણાં સગાંને છેટે થાપે;
બાર વર્ષને અંતે આયુષ પૂર્ણ કરે છે,
દેવલોક પાંચમે કુંવર શિવ દેવ બને છે. ૧૫

કઈ માતાને પેટ જીવ એ જન્મ પામશે ?
કયા પિતાનો વંશ એહથી શોભા ધરશે ?
ઋષભદત્ત છે શેઠ ધારિણી પત્ની નામી,
ત્રિલોકને આનંદપ્રદ સુત જંબૂસ્વામી. ૧૬

ઊઠયા દેવ અનાઢ્ય એહ હરખે નાચે છે:
ધન્ય, ધન્ય અમ કુળે પુત્ર એ જન્મ ધરે છે.
વિમાન પરથી ચવ્યો ધારિણી-ઉદરે આવ્યો.
સ્વપ્ન આવતાં ઋષભદત્તને હરખ ન માયો. ૧૭

જન્મ્યો સુત દસ દિશા મહીં અજવાળાં કરતો,
જંબૂસ્વામી નામે ગુણ-ગણ સઘળા ગ્રહતો;
આઠ વર્ષનો થતાં આશરો ગુરુનો લે છે,
વિરાગ પામી બ્રહ્મચર્યનો નિયમ ધરે છે. ૧૮

યૌવન આવ્યે કન્યા કેરાં માગાં આવે;
બીજા ઉંમરલાયક દુહિતા નહીં ભળાવે;
'આમ કરીશું, તેમ કરીશું' એમ પટાવે,
'સાંજે પરણી સવારમાં વ્રત છો લે' કહાવે. ૧૯

ટાળે નહિ માતાની આજ્ઞા: પરણ્યો ભાવે;
આઠે કન્યા એક સાથ પરણી ગૃહ આવે.
આઠે મૃગનયનીને સમજણ દેવા બેઠો;
પ્રભવ ચોર પાંચસેં ચોર સહ ત્યાં તવ પેઠો. ૨૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીદ્ર અણાવીય સોયણીય આભરણ લીયંતા,
તે સવિ અછઈં થંભીયા ટગમગ જોયંતા;
પ્રભવઉ ભણઈ હો જંબુસામિ એક સાહિ જ કીજઇ,
બિહું વિજ્જાવડઈં એક વિજજ થંભાણીય જ દીજઈ. ૨૧

હિવ હૂં કહિ નવિ જ લેવિ પુણ કિસઉં કરેસો,
અઠઈ પરિણી સસિવયણી નીછઈં વ્રત લેસો;
રૂપવંત અણુરત્ત રમણિ એઉ એમ ચએસિઈ,
અણહૂંતાસુહતણી ય આસ મુઝ જીવ કરેસિઈ. ૨૨

એવડુ અંતર નરહં હોઈ પ્રભવઉ ચિંતેઇ,
સંવેગરસિ જઈ ગયઉં મન પ્રભવઉ પૂછેઈ;
સિદ્ધિરમણિઊમાહીયા હ તમ્હિ સંજમ લેસિઉ,
કરુણઈં વિલવઈં માઈબપ્પ કિમ કિમ મેલ્હેસિઉ. ૨૩

ઈંદિયાલ નવિ જાણીઈ એ કો કિમ હોઈસિઈ;
અઢાર નાત્રાં એકભવિ જંબૂસામિ કહેઈ;
પિતર તમ્હારા જંબુસામિ કિમ તૃપતિ લહેરાઈં,
પિંડ પડઈ લોયહંતણઈ એ ઊભા જોસિઈં. ૨૪

બાપ મરવિ ભઈંસુ હુઈં પુત્રજન્મિ હણીજઈ,
ઈણપરિ પ્રભવા પિતરતૃપ્તિ તિણિ ધીવરિ કીજઈ;
અણહૂંતાસુહતણી ય આસ હૂં તઉં છાંડેસિઉ,
તિણ કરસણિ જિમ કલત્ર ભણઈ અવતરતા કરેશિઉ. ૨૫

તમ્હ રૂપિહિં હઉં લોભ કરઉં દેષિ મણહર રૂયડઉં,
હત્થિકડેવર કાગ જિમ ભવસાયર નિવડઉં;
બીજી કલત્ર કહેવિ નાહ જઈ અમ્હ છંડેસિંઉં,
તિણિ વાનરિ જિન પચ્છુતાવ બહુ ચીંતિ ધરેસિઉં. ૨૬

બિંદુસમાણઉં વિસયસુક્ખ આદર કિમ કીજઈ,
ઈંગાલવાહગ જેમ તુમ્હિ તૃસ કિમ ન છીપઈ;
ત્રીજી કલત્ર ભણઈવિ નાહ જઉ અમ્હ છાંડેસિઉ,
તિણિ જંબુકિ જિમ સાણહાર બહુખેદ કરેશઉ. ૨૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિદ્રા આવ્યે સૂઈ જતાં ઘરેણાં કાઢે છે,
ત્યાં તો એ સૌ ટગમગ જોતા ઝટ થંભે છે.
પ્રભવ કહે: 'ઓ જંબૂસ્વામી એક કરોને:
'બે વિદ્યામાંની જે સ્તંભનવિદ્યા દોને.' ૨૧

'હું હવે કહીં લૈશ નહિ, નહીં કરીશ કઈં હું,
આઠે પરણી મૃગનયની સહ વ્રત લઈશ હું.'
'રૂપવંત અનુરક્ત એહ રમણીઓને તજશે.
નહીં થતાં સુખ તણી આશ, મુજ જીવ જ કરશે.' ૨૨

'આવું અંતર હોય પુરુષને?' શોચે પ્રભવો;
સંવેગરસે ગયું ચિત્ત તવ' પૂછે પ્રભવો.
'રમણી-સિદ્ધિ તણી હૂંફથી સંયમ ધરશો,
કરુણ રડતાં માતપિતાને કેમ પરિહરશો?' ૨૩

'માયાવી એ ન જાણતો કૈં કેમ થશે એ;
અઠાર નાત્રાં જંબૂસ્વામી એક ભવે કહે.
'માતપિતા તમ જંબૂસ્વામી! કેમ સમજશે?
પિંડ પડે લોકોના, તુમ પિતરો ઊભા જોશે. ૨૪

'બાપ મરે, પુત્રને જન્મ, પાડાને મારે;
એ રીતે બાપની તૃપ્તિ માટે ન વિચારે.
નહીં થતાં સુખતણી આશ હું તજીશ ત્યારે.'
નારી કહે: જયમ ધાન્ય ઊગતાં કરિયે જ્યારે. ૨૫

જોઈ મનોહર રૂપ તમારું લોભ કરું છું,
હાથે કંકણ કાગ જેમ ભવસિંધુ તરું હું.'
બીજી સ્ત્રી કૂહે: 'ત્યાગ કરો મુજ નાથ તમે જો,
પેલા વાનર જેમ કરું પસ્તાવો તો તો.' ૨૬

'ટીપા જેવું વિષયસૌખ્ય આદર કરીએ કિમ?
તરસ ન છીપે ત્યારે અંગારાવાળા જિમ.'
ત્રીજી સ્ત્રી કૂહે: 'ત્યાગ કરો મુજ નાથ! તમે જો,
શિયાળને દષ્ટાંત ખેદ હું કરું તયેં તો.' ૨૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊત્તર પડિ ઊત્તર બહૂ ય સંખેવિ કહીજઈં,
વિલખી હુઈ તે ચવ્વિ બાલ જંબુસામિ ન બુઝઈં;
આસાતરુવર સુક્ક જામ અમ્હિ ઈશઉં કરેશઉં,
નેમિહિંસિઉં રાઈમઈ જિમ વયગહણ કરેશઉં. ૨૮

આઠઈ કલત્ર હ બૂઝવીય પંચસય સિઉં પ્રભવઉ;
માઈબાપ બેઉ ભણઈ તામ અમ્હ સાધુ સરીસઉ.

(ઠવણિ)

પ્રહ વિહસઈ સુવિહાણ પ્રભવુ વિનવઈ જંબૂસામિ;
સજનલોક મોકલાવિ તમ્હિ સિઉં સંજમ લેસિઉં. ૨૯

ખણ એક પડ(ડિ)ખાએવિ રાય મોકલાવણ ચાલીય;
તુ સુહડસમૂહ કરેવિ ભૂઈં કંપઈ ભડવ હં. ૩૦

જસ ભય ધ્રસકઈ રાઉ જસ ભય નીંદ્ર ન બયરીયહ;
એસઉ પ્રભવઉ જાઈ નરનારી જોયણ મિલીય.
પહુંતુ રાયદુવારિ પડિહારિઈં બોલાવીઉ;
બેગિઈં રાય ભેટાવિ અમ્હિ અચ્છઉં ઉત્સુકમણા. ૩૧

પુત્ત તણઉ વિઝ(વ)રાય, તુમ્હ દરિસણિ ઉમાહિઉ એ,
કારણ જાણીઉ રાય વેગિહિં સો મેલ્હાવિઉ એ.
દ્રેઠિ ન ખંડેઈ રાઉ પ્રભવઉ દેખી આવતઉ;
સાચઉ એ ભડિવાઉ પુરુષહ આકૃતિ જાણીઈ. ૩૨

રૂપગુણે સંપન્ન રાયરમણિમન ચોરતુ એ;
સોહઈ પૂનિમચંદ જઈ દ્રવકોઈ (સવકોઈ) પ્રણમીઉ.
નુતઉ અદ્ધસીય સરીર જઈ કોઈ જણણી જાઈઉ;
નયણે છૂટું નીર સંવેગજલહરિ વરિસિઉ;
સામિ, ખમિ અપરાધ અમ્હે લોક સંતાવીયા એ. ૩૩

પડિવજ બોલઈ રાઉ કોણી મનિ આણંદિય ઉ;
ધન્ન પનુતી માઈ ઈસિઉ પુત્ર જિણિ જાઈઉ એ;
તો મોકલાવી રાઉ કોણી મનિ આણંદદિયઈ;
ધન્ન પનુની માઈ ઈસિઉ પુત્ર જિણિ જાઈક એ. ૩૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહુ સંક્ષેપે ઉત્તર ને પ્રત્યુત્તર ચાલ્યા,
ઝાંખી થઈ સહુ એહ ન જંબૂસ્વામી હાલ્યા.
'આશાતરુ સૂકા જયમ કરશું અમે અશું સૌ,
નેમિ કને રાજુલની પેઠે વ્રત લેશું સૌ.' ૨૮

બોધી આઠે સ્ત્રી, સો પાંચે સાથ પ્રભવને,
માતપિતા ત્યાં કહે : 'સદ્ય આપો વ્રત અમને.'
પ્રભવ સવારે જંબૂસ્વામીને તવ યાચે;
તેડાવી સજ્જન સહુને વ્રત લઉં તમ પાસે. ૨૯

( સોરઠો )

રાહ જોઈ ક્ષણુ એક, બોલાવ્યા ત્યાં રાયને.
આવ્યા સુભટ અનેક, ધરણી ધ્રૂજી એ સમે. ૩૦

( રોળા છંદ )

જેને ભય રા' ધ્રૂજે, નિદ્રા અરિને ના'વે.
પ્રભવ તેહ તવ જાય, દર્શને જન સહુ આવે.
રાજદ્વારે ગયો, પ્રતીહારે બોલાવ્યો,
'છું ઉત્સુક હું મળવા' કહેતાં રા' ઝટ આવ્યો. ૩૧

'આપતણાં દર્શને રાય હે! ઉમંગ મુજને.'
કારણ જાણી રાય તરત તેડાવ્યો એને.
એક નજરથી જુએ આવતો જોઈ પ્રભવને,
સાચો એ ભડવીર પુરુષ આકાર જુઓને. ૩૨

રૂપગુણે સંપન્ન રાયરાણી મન હરતો,
શોભે પૂનમચંદ્ર જેમ સહુથી વંદાતો.
સ્તવ્યો અધર્સિંતદેહ ખરે એ જનનીજાયો,
નયણે છૂટચાં આંસુ, મેઘ સંવેગ ગડગડ્યા,
'સ્વામી! ક્ષમ અપરાધ, અમે લોકોને કનડ્યા.' ૩૩

પ્રતિપદ કહે છે રાય ચિત્તમાં આનંદ પામી :
ધન્ય માત તે એહ પુત્ર જે પામી નામી.'
ચોરગામથી લોક સર્વ તેડાવે ભૂપતિ;
સહુ જણ કહે છે : અમે ગ્રહીશું સંયમનું વ્રત.' ૩૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિણ કારણિ વઈરાગ ત કારણ અમ્હિ બોલીઈ એ;
મેલ્હી અઠ્ઠઈ બાલ કણયકોડિ નવાણવઈ એ.
અનઈ રિદ્ધિ બહૂત તિહિં પુણ પાર ન જાણીય એ;
જંબૂસામિચરિત્ત મહિમંડલિ હૂઉં અચ્છરીય. ૩૫
ઈણ કારણિ વઈરાગ તૃણ જિમ દીઠઉ મેલ્હતઉ ઓ;
અમ્હ સોઈ જિ સામિ તમ્હે ભલઈં અછિજિઉ ઓ.
મોહનરિંદ સિઉં ઝૂઝ સંજમકિત્તિઈ ઝૂઝસિઉં ઓ;
પભવક પંચસએણ અઠ્ઠઈવહૂયર-માઈબપ્પો. ૩૬
સવિકહં એ રૂઠઉ જાઈ નિયઘરહૂંતુ નીસરઈ;
ચાલીઉ એ સિવપુરિ સાથ સારથવય તિહિં જંબુસામિ,
તિહુયણિ એ જયજયકાર સોહમ દેખીઉ જંબૂસામિ;
કંચણ એ રયણિહિં દાણ જિમ ઘણ વરસઈ ભદ્રવએ,
સ(સં)યતઉ એ ઈહ ગોલોક ભવિયજણ સંવેગકરો. ૩૭
કસકેરી (?) પિઈમાઈ કલત્ર, ધન્ન ધણ,
દેસી કુડિસારિચ્છ જિણ જિમ જંબૂ પરિહરએ;
અનઈ લોક બહૂત વ્રત લેવા તિહિં ચાલીઉ,
વંદિય જિણભવણાઈં સોહમ્મસામિ વાસિ ગયઉ. ૩૮
ભવસાયર ઉત્તારિ જમ્મણ-મરણહ બીહતઉ ઓ,
પંચ મહવ્વય-ભાર મેરુ-સમાણઉ અંગમઈ એ;
અનુ તેનઉ પરિવાર સોહમ્મસામિહિં દિક્ખીઉ ઓ,
હૂઉં કેવલનાણ સંજમરાજહ પાલતાં એ. ૩૯
વીરજિણંદહ તી(ર)થિ કેવલિ હૂઉ પાછિલઉ,
પ્રભવઉ બઈસારીઉ પાટિ સિદ્ધિં પહુતુ જંબુસ્વામિ;
જંબુસામિય-ચરિત્ત પઢઈં ગુણઈં જે સંભલઈં,
સિદ્ધિસુક્ખ અણંત તે નર લીલાહિં પામિસિઈં. ૪૦
મહિદં સૂરિ-ગુરુ-સીસ ધમ્મ ભણઈ હો ધામીઉ એ,
ચિંતઉ રાતિ-દિવસિ જે સિદ્ધિહિ ઉમાહીયા એ.
બારહ-વરસ-સએહિં કવિ નીપનૂં છાસઠએ,
સોલહ વિજ્જાએ (દેવિ)દુરિય પણાસઉ સયલસંઘ. ૪૧

इति श्रीजंबूस्वामि रासः



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાને લો વૈરાગ્ય ? કહો એ કારણ અમને,
રાણી આઠે, સંપદા ઘણી તજી રહ્યા, ને
રિદ્ધિ ઘણી છોડી જેનો નવ પાર પમાય.
જંબુસ્વામીતણું ચરિત્ર ભૂમિપે આશ્ચર્ય ન માયે. ૩૫
ધારી રહ્યા વૈરાગ્ય, છોડિયું સહુ કંઈ તૃણ સમ યૌવનમાં,
[મોહ. લોભ, ને કામશત્રુઓને થઈ નિર્મમ]
અમેય તજશું વાહ, વાહ, સ્વામી અમ બળથી.
મોહરાજ શું યુદ્ધ અમે કરશું સંયમથી. ૩૬
પ્રભવ પાંચસે ભાઈ, આઠે વહુ પિતુમાત ને
નિજ ઘર છોડી જાય, રૂઠો સહુ પહેલાં થકી. ૩૬અ
ચાલ્યો શિવપુર સાર્થ સાર્થવાહ શ્રીજંબુરસ્વામી,
જયજયકાર બધે સુધર્મા જોવા સ્વામી.
ભાદરવે જયમ મેઘ વાવરે રત્નો સોનું,
ભવ્યજનોને ઓઠું દેતા ત્યાં સંયમનું. ૩૭
માતપિતા સુત નાર્ય સંપદા તેમ ધાન્યને,
જિન જિમ જંબૂસ્વામી પરહરે કોડી સમાન.
ત્યાં વ્રતલેવા લોક ઘણાં ચાલ્યાં છે વાંસે,
વંદી જિનગૃહ પળે સુધર્મા સ્વામી પાસે. ૩૮
ભવસાગર ને જન્મમરણનો પાર ઉતારે;
પંચમહાવ્રત ભાર મેરુસમ હળવો ધારે.
દીક્ષા સગાં ગ્રહે સુધર્મા સ્વામી-હત્થે
થયું કેવળીજ્ઞાન પળાતાં સંયમ સાથે. ૩૯
વીરજિનેંદ્રને તીર્થે કેવળી થયા આખરી,
પ્રભવ પટ્ટધર કરી સિધાવ્યા જંબૂસ્વામી,
**જંબૂસ્વામીચરિત** ભણે ને ગણે સાંભળે,
રમતમાત્રમાં સિદ્ધિ તણું સુખ તેહ મેળવે. ૪૦
મહેંદ્રસૂરિનો શિષ્ય **ધર્મ** કહે સહુ ધાર્મિકને,
રાતદિવસ જે ગ્રહ્યું ઉમંગે બળે સિદ્ધિને.
વર્ષ બારસો સાઠ તણે આ કાવ્ય બનાવે,
સોળેય વિદ્યાદેવી સકલસંઘના દુરિત જ કાપે. ૪૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org